રજુ કર્યા તારીખ : ૦૬/૦૬/૨૦૧૭
દાખલ તારીખ : ૦૬/૦૬/૨૦૧૭
ફેંસલ કર્યા તારીખ : ૧૨/૦૫/૨૦૨૫
સમય : વર્ષ, માસ, દિવસ.

મહે. ૦૮ માં એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ મધ્યે,
કોર્ટ નં – ૨૧, અમદાવાદ.

ફોજદારી કેસ નં. – ૩૭૭૭૬ / ૨૦૧૭
આંક –

<u>ફરિયાદી</u> :–
શ્રી સરકાર

વિરૂધ્ધ

<u>તહોમતદારો</u> :–
(૧) દિનાબેન વા/ઓ જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુભાઇ મેસરીયા, ઉ. વ. – ૩૫,

(૨) જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુભાઇ સ/ઓ છનાભાઇ મહેરીયા, ઉ. વ. – ૪૨,
બંને રહે. ઘર નં. – ૮૨, જોગેશ્વરીનગરની ચાલી, આશિષનગરની પાછળ, મેઘાણીનગર, અમદાવાદ શહેર.

ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબ.

---

શ્રી સરકાર તરફે :– વિ. એ. પી. પી. શ્રી એચ. બી. દેસાઇ.
તહોમતદારો તરફે :– વિ. વકીલ શ્રી જે. આર. સોલંકી.

---

**-:: ચુકાદો ::-**

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી રહેલ છે કે, ગઈ તા. ૧૧/૧૧/૨૦૧૬ ના રોજ કલાક-૧૦.૩૦ વાગ્યાના સુમારે જોગેશ્વરીનગરની ચાલીના નાકે ફરીયાદીનો દીકરો ચંદ્રેશકુમાર ટ્યુશનમાંથી પરત આવી ચાલીના નાકે ઉભો હતો તે સમયે તેજશ તેની પાસે આવી કહેવા લાગેલ કે તમે મંદીરનો વહીવટ ચાલીના છોકરાઓને સોંપી દો, તેમ કહી ફરીયાદીના દીકરા સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ અને બીભત્સ ગાળો બોલેલ. જેથી ફરીયાદીના દીકરાએ ગાળો બોલવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીના દીકરાને ગડદા પાટુનો અને ફેંટોનો માર મારવા લાગેલ. તે વખતે અવાજ થતા ફરીયાદી ત્યાં ગયેલ અને પોતાના છોકરાને છોડાવવા વચ્ચે પડતા તે સમયે તેજશના માતા દીનાબેન પણ ત્યાં આવેલ અને તેઓ ફરીયાદી સાથે ઝપાઝપી કરવા લાગેલ. આ સમયે ફરીયાદીના પત્ની ત્યાં આવી જતા દીનાબેન તેને ગડદા પાટુનો અને ફેંટોનો માર મારવા લાગેલા. આ સમયે તેજશ કયાંકથી ધારીયુ લઈ આવેલ અને ફરીયાદીને એક ઘા મારેલ. તે વખતે ચંદ્રેશ વચ્ચે પડતા તેને પણ તેજશે ધારીયાનો ઘા માથામાં પાછળ મારેલ. ફરીયાદીને માથામાં ધારીયુ વાગવાથી લોહી નીકળવા લાગેલ. તે વખતે ૧૦૮ આવતા તેઓને સારવાર માટે લઈ ગયેલ હોવાની હકીકતો આધારીત ફરિયાદ આ કામના ફરિયાદીએ તહોમતદારો વિરૂદ્ધ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં તા. ૧૧/૧૧/૨૦૧૬ ના રોજ જાહેર કરતા આ ફરિયાદ ઈ. પી. કો. કલમ - ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ - ૧૩૫(૧) મુજબની પોલીસે ફર્સ્ટ ગુના રજી. નં. - ૭૪ / ૨૦૧૬ થી ગુનો રજીસ્ટર કરેલ અને તહોમતદારોને અટક કરેલ અને તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા તહોમતદારો વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૧૭૩ અન્વયે ચાર્જશીટ તા. ૦૬/૦૬/૨૦૧૭ ના રોજ દાખલ કરેલ હતું.

(૨) આ કામના તહોમતદારોને સમન્સની ધોરણસરની બજવણી થતાં તેઓ તેમના વિ. વ. શ્રી મારફતે હાજર થતાં, મારા પૂરોગામીશ્રીએ તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ - ૨૦૭ ની જોગવાઈઓને આધિન રહી પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યા અંગેની ખાત્રી થાય બાદ આક્ષેપિત ગુનાનું તહોમતનામું તા. ૨૯/૦૬/૨૦૧૮ ના રોજ આંક - ૦૩ થી ફરમાવી, વાંચી, સમજાવી તહોમતદારોનું નિવેદન આંક - ૦૪ તથા ૦૫ થી રેકર્ડ કરતાં તેઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવો નોંધવા પર મુલત્વી રાખેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલા છે.

## –: ફરિયાદપક્ષે મૌખિક પુરાવાઓ :–

| | | |
|---|---|---|
| ૧. | આંક – ૦૭ | થી ફરિયાદી મહેશભાઇ ખુશાલભાઇ મહેરીયાનો સોગંદ પરનો પુરાવો. |
| ૨. | આંક – ૦૯ | થી પંચ સાહેદ ઉપેન્દ્ર બાબુભાઇ પરમારનો સોગંદ પરનો પુરાવો. |
| ૩. | આંક – ૧૧ | થી સાહેદ ચંદ્રેશ મહેશભાઇ મહેરીયાનો સોગંદ પરનો પુરાવો. |
| ૪. | આંક – ૧૨ | થી સાહેદ નટવરભાઇ ખુશાલભાઇ મહેરીયાનો સોગંદ પરનો પુરાવો. |
| ૫. | આંક – ૧૬ | થી સાહેદ મુળજીભાઇ ખુશાલભાઇનો સોગંદ પરનો પુરાવો. |
| ૬. | આંક – ૧૭ | થી સાહેદ ડો. મહીપાલ તુલશીભાઇ શેઠનો સોગંદ પરનો પુરાવો. |
| ૭. | આંક – ૨૧ | થી સાહેદ વિકાસ ભરતભાઇ ટાભાણીનો સોગંદ પરનો પુરાવો. |
| ૮. | આંક – ૨૮ | થી સાહેદ ડો. નિતિન મુળચંદભાઇ પરમારનો સોગંદ પરનો પુરાવો. |
| ૯. | આંક – ૨૯ | થી તપાસ કરનાર અધિકારીશ્રી યોગેશ પ્રભુભાઇ પટેલનો સોગંદ પરનો પુરાવો. |

## –: ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવાઓ :–

| | | |
|---|---|---|
| ૧. | આંક – ૦૮ | થી ફરિયાદ. |
| ૨. | આંક – ૧૦ | થી ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩. | આંક – ૧૮ | થી ઇન્જરી સર્ટી. |
| ૪. | આંક – ૧૯ | થી ઇન્જરી સર્ટી. |
| ૫. | આંક – ૨૨ | થી ઇન્જરી સર્ટી. |
| ૬. | આંક – ૩૦ | થી ચાર્જ અમલદારશ્રીનો રીપોર્ટ. |
| ૭. | આંક – ૩૧ | થી વર્ધી. |
| ૮. | આંક – ૩૨ | થી ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૯. | આંક – ૩૩ | થી ફરિયાદીએ પહેરેલ કપડાંનું પંચનામું. |
| ૧૦. | આંક – ૩૪ | થી રીકવરી પંચનામું. |
| ૧૧. | આંક – ૩૫ | થી જાહેરનામું. |
| ૧૨. | આંક – ૩૬ | થી જન્મના પ્રમાણપત્રની કોપી. |
| ૧૩. | આંક – ૩૭ | થી શારદા ગર્લ્સ હાઇસ્કૂલના લીવીંગ સર્ટીફીકેટની કોપી. |
| ૧૪. | આંક – ૩૮ | થી ડી. ડી. લેવા બાબતની યાદી. |
| ૧૫. | આંક – ૩૯ | થી મરણોત્રમુખ નિવેદન. |
| ૧૬. | આંક – ૪૦ | થી સારવાર સર્ટી. માટે લખેલ પત્ર. |

૧૭. આંક – ૪૧ થી સારવાર સર્ટી. માટે લખેલ પત્ર.

૧૮. આંક – ૪૨ થી પ્રમુખ જુવેનાઇલ જસ્ટીશને લખેલ પત્ર.

ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં તહોમતદારોનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેતા તેઓએ ફરિયાદપક્ષના પુરાવાનો ઇન્કાર કરેલ છે અને તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશષેમાં, ફરિયાદીએ ખોટી હકીકત જણાવી ખોટી ફરિયાદ કરેલી છે, તેમજ તેઓએ કોઇ ગડદાપાટુનો માર મારેલ નથી કે ગાળાગાળી કરેલ નથી કે, કોઇ ધારીયું કે લાકડી મારેલ નથી. ચાલીના મંદિર બાબતેની જનરલ બોલાચાલીમાં તેઓની સામે ખોટી ફરિયાદ કરેલી છે અને આવો કોઇ બનાવ બનેલ નથી, તેમ જણાવેલ છે.

(૫) સદર કામે ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી ની રજૂઆત છે કે, આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી તથા તેમના પુત્ર અને પત્ની પર હુમલો કરેલ હોવાની હકીકતો આધારીત આક્ષેપો કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદી તથા તેના પત્ની તથા પુત્રના પુરાવામાં આ હકીકતો ફરીયાદ પક્ષે સાબિત કરેલ છે. આ કામના ફરીયાદી અને સાહેદો પુરાવા દરમ્યાન તહોમતદારોએ આચરેલ ગુનાની હકીકતો જણાવે છે. આ કામના તહોમતદારોના હાથમાં રહેલ હથીયારની હકીકતો જણાવે છે. આ કામના ફરીયાદી અને સાહેદોને થયેલ ઇજાની હકીકતોને ડોકટરશ્રીનું સમર્થન મળતુ હોવાનું જણાઇ આવે છે. આ હકીકતોએ આ કામના તહોમતદારોએ ગુનો આચરેલ હોવાનું સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું માની શકાય તેવી હકીકતો રહેલ છે. આ કામના તહોમતદારો તરફે જે હકીકતો આધારીત બચાવ રજૂ રાખવામાં આવેલ છે તે બચાવ ટકવા પાત્ર જણાઇ આવતો નથી. આ હકીકતોએ આ કામના તહોમતદારોને ધોરણસર સજા કરવી જોઇએ.

આ કામે તહોમતદારો તરફે આંક – ૪૫ થી લેખિત દલીલો રજુ થયેલી છે જે વંચાણે લીધી. તેમજ તહોમતદારો તરફે વિ. વ. શ્રી ની રજૂઆત છે કે, આ કામે ફરીયાદી અને સાહેદો એક જ પરીવારના છે. આ લોકોના પુરાવાને અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. આ કામે એક તહોમતદાર જેવેનાઇલ હોય તેઓને જુવેનાઇલ અદાલતમાં રજૂ રાખેલ. જે કેસ પુરો થઇ જવા પામેલ છે. આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી અને તેઓના પરીવારજનોને ઇજા કરેલ હોવાની હકીકતોને સાહેદોના પુરાવાથી સમર્થન મળતું નથી. સાહેદોના પુરાવામાં મહત્વનો

વિરોધાભાષ જણાઇ આવે છે. આ કામે પંચો પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. આ કામે ઈજાની હકીકતોને ડોકટરશ્રીના પુરાવાથી સમર્થન મળતુ નથી. આ બનાવ જે જગ્યાએ બનેલ તે જગ્યાની આજુબાજુના સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આ કામે તહોમતદારો વિરૂધ્ધ જે આક્ષેપો કરવામાં આવેલ છે તે સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો ન હોવાની હકીકતોએ તેમજ આ કામે ફરીયાદ પક્ષના પુરાવામાં શંકાઓ ઉત્પન્ન થતી હોય આવી શંકાઓનો લાભ તહોમતદારોને આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

**(૬)** આ કામે ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા પુરાવાની હકીકતોને ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ તહોમતદાર નં - ૧ ના પુત્રએ ગઇ તા. ૧૧/૧૧/૨૦૧૬ ના રોજ કલાક - ૧૦.૩૦ વાગ્યાના સુમારે જોગેશ્વરીનગરની ચાલીના નાકે જાહેરમાં સાહેદ નં. - ૦૪ ઉભા હતા તે વખતે કહેવા લાગેલ કે, તમો મંદીરનો વહીવટ ચાલીના છોકરાઓને સોંપી દો, તેમ કહી એકદમ ઉશ્કેરાઇ જઇ બોલાચાલી, ઝગડો કરી, બિભત્સ ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો ફેંટોનો માર મારવા લાગેલ. તે વખતે ફરિયાદી તથા સાહેદ નં. - ૦૫ વચ્ચે પડતાં આ કામના અન્ય તહોમતદારોએ ત્યાં આવી જઇ ફરિયાદી તથા સાહેદ નં. - ૦૫ સાથે ઝપાઝપી કરી, ગડદાપાટુનો માર મારેલ. તે વખતે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે કયાંકથી ધારીયુ લાવી ફરિયાદીને માથામાં એક ઘા મારી દીધેલ અને સાહેદ નં. - ૦૪ વાળાઓને પણ માથામાં પાછળના ભાગે ધારીયાનો એક ઘા મારી ઈજાઓ કરેલી. તહોમતદારોએ આ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલી. આ સમયે પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા છતા જાહેરનામાનો ભંગ કરેલ. આમ કરી, ઈ. પી. કો. કલમ - ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ - ૧૩૫(૧) મુજબનો સજાને પાત્ર ગુન્હો કર્યો છે.

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓનો ન્યાય નિર્ણય નીચે મુજબ છે.

(૧) અંશત: હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

## (૮) મુદ્દા નં. ૦૧ ના કારણોની ચર્ચા :-

આ કામે ફરિયાદપક્ષ તરફથી કરવામાં આવેલ આક્ષેપોની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી સાથે મારામારી કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, ઘરનો દરવાજો તોડી નાંખી, નુકશાન કરી, જોઇ લેવાની ધમકી આપેલી. આ કામે ફરિયાદપક્ષ તરફથી કરવામાં આવેલ આક્ષેપોની હકીકતો ધ્યાને લેતા આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ - ૧૩૫(૧) મુજબના આક્ષેપો જણાઇ આવે છે. આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૧૯ માં કરવામાં આવેલ વ્યથાની વ્યાખ્યા ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 319. Hurt:-**
Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt.

આ કામના તહોમતદારોએ કરેલ સામાન્ય ઈજા પણ વ્યથા કહી શકાય તેવી ઉપરોકત કાયદાની સ્થિતિ જણાઇ આવે છે.આ કામે તહોમતદારોએ મહા વ્યથા કરેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ ભારતીય દંડ સંહિતાની કલમ - ૩૨૦ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 320. Grievous hurt:-**
The following kinds of hurt only are designated as “grievous”

**First. -** Emasculation.

**Secondly. -** Permanent privation of the sight of either eye.

**Thirdly-** Permanent privation of the hearing of either ear.

**Fourthly. -** Privation of any member or joint.

**Fifthly. -** Destruction or permanent impairing of the powers of any member or joint.

**Sixthly. –** Permanent disfiguration of the head or face.

**Seventhly. –** Fracture or dislocation of a bone or tooth.

**Eighthly. –** Any hurt which endangers life or which causes the sufferer to be during

the space of twenty days in severe bodily pain, or unable to follow his ordinary pursuits.

આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી તથા સાહેદોને વ્યથા કરેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ આ ઈજાઓ સ્વેચ્છા પુર્વક કરવામાં આવેલ હતી કે કેમ તે બાબતે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૧ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 321. Voluntarily causing hurt:-**

Whoever does any act with the intention of thereby causing hurt to any person, or with the knowledge that he is likely thereby to cause hurt to any person, and does thereby cause hurt to any person, is said “voluntarily to cause hurt”.

આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી તથા સાહેદોને મહા વ્યથા કરેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ આ ઈજાઓ સ્વેચ્છા પુર્વક કરવામાં આવેલ હતી કે કેમ તે બાબતે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૨ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 322. Voluntarily causing grievous hurt:-**

Whoever voluntarily causes hurt, if the hurt which the intends to cause or knows himself to be likely to cause is grievous hurt, and if the hurt which he causes is grievous hurt, is said “voluntarily to cause grievous hurt”.

**Explanation:-**

A person is not said voluntarily to cause grievous hurt except when he both causes grievous hurt and intends or knows himself to be likely to cause grievous hurt. But he is said voluntarily to cause grievous hurt, if intending or knowing

himself to be likely to cause grievous hurt of one kind; he actually causes grievous hurt of another kind.

Illustration

A, intending or knowing himself to be likely permanently to disfigure Z's face, gives Z a blow which does not permanently disfigure Z's face, but which cause Z to suffer severe bodily pain for the space of twenty days. A has voluntarily caused grievous hurt.

આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી તથા સાહેદોને મહા વ્યથા કરેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૬ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 326. Voluntarily causing grievous hurt by dangerous weapons or means:-**

Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with [imprisonment for life], or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

આ કામના તહોમતદારોએ ભારતીય દંડ સંહીતામાં ઠરાવેલ પરિસ્થિતિઓ મુજબ ના કારણોસર મહા વ્યથા કરેલ હતી કે કેમ? તે બાબતે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૩૫ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 335. Voluntarily causing grievous hurt on provocation:-**
Whoever[voluntarily] causes grievous hurt on grave and sudden provocation, if he neither intends nor knows himself to be likely to cause grievous hurt to any person other than the person who gave the provocation, shall be punished with imprisonment of either description for a term which may extend to four years or with fine which may extend to two thousand rupees, or with both

**Explanation:-**
The last two sections are subject to the same provisos as Explanation 1, section 300.

આ કામના તહોમતદારોએ એક બીજાની મદદગારીમાં આ કામના ફરીયાદી અને તેઓના પત્ની તથા પુત્રને કરેલ ઈજા બાબતે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૪ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 324. Voluntarily causing hurt by dangerous weapons or means:-**
whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

આ કામના તહોમતદારોએ ફરીયાદી અને સાહેદોને ગડદા પાટુનો અને ફેટોનો માર મારેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩ ધ્યાને લેવામાં આવે તો ....

**Sec 323. Punishment for voluntarily causing hurt:-**
whoever, except in the case provided for by section 334,voluntarily causes hurt, shall be punished with

imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

આ કામે ફરીયાદ પક્ષે કરેલ આક્ષેપોની હકીકતોએ વ્યથા કરવાની હકીકતો સાથે ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૩૪ ધ્યાને લેવાની જરૂરત રહે છે. આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૩૪ ધ્યાને લેવામાં આવે તો .....

**<u>Sec 334. Voluntarily causing hurt on provocation:-</u>**

Whoever voluntarily causes hurt on grave and sudden provocation, if the neither intends nor knows himself to be likely to cause hurt to any person other than the person who gave the provocation, shall be punished with imprisonment of either description for a term which may extend to one month, or with fine which may extend to five hundred rupees, or with both.

આ કામના તહોમતદારોએ ફરીયાદ પક્ષને ગાળો આપેલ હોવાના કરવામાં આવેલ આક્ષેપોની હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૯૪(ખ) ધ્યાને લેવામાં આવે તો ....

**<u>Sec 294. Obscene acts and songs:-</u>**

Whoever, to the annoyance of others-

(a) Does any obscene act in any public place, or

(b) Sings, recites or utters any obscene song, balled or words, in or near any public place,

Shall be punished with imprisonment of either description for a term which may extend to three months, or with fine, or with both.

આ કામના તહોમતદારોએ આ ગુનામાં એકબીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપોની હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૧૪ ધ્યાને લેવામાં આવે તો ....

**<u>Sec 114. Abettor present when offence is committed:-</u>**

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

આ કામના તહોમતદારોએ આ ગુનામાં એક બીજાને મદદગારી કરેલ હોવાના આક્ષેપોની હકીકતોએ મદદગારીની હકીકતો ધ્યાને લેવા માટે આ કામે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૦૭ તથા ૧૦૮ ધ્યાને લેવી જરૂરી જણાઇ આવે છે. આ તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૦૭ ધ્યાને લેવામાં આવે તો ....

**<u>Sec 107. Abetment of a thing:-</u>**

A person abets the doing of a thing, who—

**First: -**Instigates any person to do that thing; or

**Secondly: -**Engages with one or more other person or persons in any conspiracy for the doing of that thing, if an act or illegal omission takes place in pursuance of that conspiracy, and in order to the doing of that thing; or

**Thirdly: -**Intentionally aids, by any act or illegal omission, the doing of that thing.

**<u>Explanation1:-</u>**

A person who, by wilful misrepresentation, or by wilful concealment of a material fact which he is bound to disclose, voluntarily causes or procures, or attempts to cause or procure, a thing to be done, is said to instigate the doing of that thing.

**Illustration**

A, a public officer, is authorized by a warrant from a Court of Justice to apprehend Z. B, knowing that fact and also that C is not Z, willfully represents to A that C is Z, and thereby intentionally causes A to apprehend C. Here B abets by instigation the apprehension of C.

**<u>Explanation 2:-</u>**

Whoever, either prior to or at the time of the commission of an act, does anything in order to facilitate the commission of that act, and thereby facilitates the commission thereof, is said to aid the doing of that act.

આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૦૮ ધ્યાને લેવામાં આવે તો ....

**<u>Sec 108.</u> <u>Abettor:-</u>**

A person abets an offence, who abets either the commission of an offence, or the commission of an act which would be an offence, if committed by a person capable of law of committing an offence with the same intention or knowledge as that of the abettor.

**<u>Explanation 1:-</u>**

The abetment of the illegal omission of an act may amount to an offence although the abettor may not himself be bound to be that act.

**<u>Explanation 2:-</u>**

To constitute the offence of abetment it is not necessary that the act abetted should be committed, or that effect requisite to constitute the offence should be caused.

**Illustrations**

(a) A instigates B to murder C. B refuses to do so. A is guilty of abetting B to commit murder.

(b) A instigates B to murder D. B in pursuance of the instigation stabs D. D recovers from the wound. A is guilty of instigating B to commit murder.

**<u>Explanation 3:-</u>**

It is not necessary that the person abetted should be capable by law of committing an offence, or that he should have the

same guilty intention or knowledge as that of abettor, or any guilty intention or knowledge.

**Illustrations**

(a) A, with a guilty intention, abets a child or a lunatic to commit an act which would be an offence, if committed by a person capable by law of committed an offence, and having the same intention as A. Here A, whether the act be committed or not, is guilty of abetting an offence.
(b) A, with the intention of murdering Z, instigates B, a child under seven years of age, to do an act which causes Z's death. B, in consequence of the abetment, does the act in the absence of A and thereby causes Z's death. Here, though B was not capable by law of committing an offence. A is liable to be punished in the same manner as if B had been capable by law of committing an offence, and had committed murder, and he is therefore subject to the punishment of death.
(c) A instigates B to set fire to a dwelling-house, B, in consequence of the unsoundness of his mind, being incapable of knowing the nature of the act, or that he is doing what is wrong or contrary to law, sets fire to the house in consequence of A's instigation. B has committed no offence, but A is guilty of abetting the offence of setting fire to a dwelling house, and is liable to the punishment provided for that offence.
(d) A, intending to cause a theft to be committed, instigates B to take property belonging to Z out of Z's possession. A induces B to believe that the property belongs to A. B takes the property out of Z's possession, in good faith, believing it to be A's property. B, acting under this misconception, does not take dishonestly, and therefore does not commit theft. But A is guilty of abetting theft, and is liable to the same punishment as if B had committed theft.

**Explanation 4:-**
The abetment of an offence being an offence, the abetment of such an abetment is also as offence.

**Illustration**

A instigate C to murder Z. B accordingly instigates C to murder Z, and C commits that offence in consequence of B’s instigation. B is liable to be punished for his offence with the punishment for murder; and, as A instigated B to commit the offence, A is also liable to the same punishment.

**Explanation 5:-**

It is not necessary to the commission of the offence of abetment by conspiracy that the abettor should concert the offence with the person who commits it. It is sufficient if he engages in the conspiracy in pursuance of which the offence is committed.

A concert with B a plan for poisoning Z. It is agreed that A shall administer the poison. B then explains the plan to C mentioning that a third person is to administer the poison, but without mentioning A’s name. C agrees to procure the poison, and procures and delivers it to B for the purpose of its being used in the manner explained. A administers the poison; Z dies in consequence. Here, though A and C have not conspired together, yet C has been engaged in the conspiracy in pursuance of which Z has been murdered. C has therefore committed the offence defined in this section and is liable to the punishment for murder.

આ તબકકે ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫ ની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો ......

**Sec 135 Penalty for contravention of rules or directions under sections 37, 39 or 40.:-**

Whoever disobeys an order lawfully made under sections 37, 39 or 40 or abets the disobedience thereof shall, on conviction, be punished-

(i) if the order disobeyed or of which the disobedience was abetted was made under sub-section (1) of section 37 or under section 39, or section 40, with imprisonment for a term which may extend to one year but shall not, except for reasons to be recorded in writing, be less than four months and shall also be liable to fine, and

(ii) if the said order was made under sub-section (2) of section 37, with imprisonment for a term which may extend to one month or with fine which may extend to one hundred rupees, and

(iii) if the said order was made under sub-section (3) of section 37, with fine which may extend to one hundred rupees.

આ કામે ફરિયાદપક્ષે કરેલ આક્ષેપોની હકીકતો ધ્યાને લેતા આ કામના ફરિયાદપક્ષે આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદીએ ઉશ્કેરાટનું કોઇ પણ કારણ આપેલ નહીં હોવા છતાં આ કામના ફરિયાદી તથા સાહેદોને ફરિયાદમાં જણાવેલ સ્થળ અને સમયે ફરિયાદીને મારામારી કરી, ગંદી બિભત્સ ગાળો બોલી, ધારીયું જેવા ઘાતક હથિયાર વડે ઇજાઓ કરી, ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી, જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકતો સાબિત થવી જરૂરી જણાઇ આવે છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે કરેલ આક્ષેપોની હકીકતો સાબિત કરવા માટે આ કામે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ છે.

(૯.૧) આ કામે ફરિયાદપક્ષે આંક – ૦૭ થી ફરિયાદી મહેશભાઇ ખુશાલભાઇ મહેરીયા સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, આ બનાવ તા. ૧૧/૧૧/૨૦૧૬ ના રોજ જોગણી માતાજીના મંદિરના તોરણની બાજુમાં સવારે સાડા દસથી અગિયારના ગાળામાં બનેલો. જે તે વખતે મંદિરની સેવા તેઓ કરતા હતા. પાંચ છ જણા મંદિરનો વહીવટ કરતા હતા. વહીવટ બાબતે બનાવ બનેલો. આ બનાવ બનેલો તેના અઠવાડીયા અગાઉ તકરાર થયેલી. તેઓએ તે બાબતની કોઇ ફરિયાદ કરેલી નથી.

આ બનાવના દિવસે તેઓનો બાબો (દીકરો) ચંદ્રેશ ટ્યુશનમાંથી આવતો હતો. ત્યારે તહોમતદાર નં. – ૧ ના પુત્ર તેજશે તેઓના દિકરા ચંદ્રેશને ઉભો રાખી

કહેલ કે, તારા બાપાને કહે જે કે, આ મંદિરનો વહીવટ બંધ કરી દે અને સોંપી દે. તેમ કહી ઉશ્કેરાઇ જઇ ગાળા ગાળી કરેલી. સાહેદને તેની ખબર પડતા તેજશ સાથે તેઓના માતા – પિતા જોડે આવી ગયેલ. તેઓના દિકરાને સમજાવી ઘર તરફ વળતા હતા. ત્યારે સાહેદના પત્ની ચંદ્રીકાબેન પણ આવી ગયેલા. બંને તહોમતદારોએ તેઓ ત્રણેય જણાને ગડદા પટુનો માર મારવાનું ચાલુ કરેલ. તેવામાં તેજસ ઉશ્કેરાઇ ગયેલ અને ધારીયુ લઇને આવેલ અને તેઓને માથાના આગળના ભાગે મારી દીધેલ. તેઓનો દીકરો ચંન્દ્રેશ વચ્ચે પડતા તેને માથાના પાછળના ભાગે મારી દીધેલ. તેમને ગડદાપાટુનો માર મારવાનું ચાલુ રાખેલ. તેઓને ૧૦૮માં સીવીલમાં સારવાર માટે લઇ ગયેલા. સિવિલમાં તેઓ તથા તેમની પત્નીની સારવાર કરાવેલી. તેઓના પત્નીને ગડદા પાટુના મારથી ઇજા થયેલી. સારવાર દરમ્યાન પોલીસ આવેલ અને બનાવની તેઓએ ફરીયાદ આપેલી, જે ફરિયાદ આ કામે આંક –૦૮ થી પુરાવામાં રજુ રાખેલ છે.

આ બનાવ સમયે તેઓએ જે કપડા પહેરેલ તે લોહીવાળા થઇ ગયેલા અને તે કપડા તેઓએ પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ. તે કપડા તેઓ ઓળખી શકે. તેમજ તેઓને જે ધારીયું મારેલ તે જોઇને તેઓ ઓળખી શકે. સદર કામે મુદ્દામાલ ધારીયુ બતાવવામાં આવેતા તેઓ ઓળખી બતાવે છે. આ તહોમતદારે તેમને મારેલ તે જ ધારીયું છે. આ ધારીયું તેજશે તેમને માથાના આગળના ભાગે કપાળ પર મારેલ અને એક ઘા તેમને મારેલ હતો. તેમજ તેમના દીકરા ચંદ્રેશને માથાના પાછળના ભાગે એક ઘા મારેલ હતો. તેમને મારી અને ધારીયું લઇને અને તેજશ જતો રહેલ હતો. આ સાહેદ મુદ્દામાલ પૈકી માર્ક – એ મુજબનું એક સફેદ જીણી લાઇનીંગવાળું શર્ટ બતાવતાં, તેના કોલના ભાગે લોહી જેવા ડાઘા દેખાય છે અને શર્ટના ગજવાવાળા ભાગે કાપા પડેલ છે. તે શર્ટ બનાવ વખતે પહેરેલ તે જ શર્ટ છે. આ શર્ટ તેઓએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન માં રજુ કરેલ અને પોલીસે તે પંચનામાની વિગતે કબ્જે કરેલ હતું. વધુમાં, તેઓને મુદ્દામાલ માર્ક – બી મુજબનું એક પેન્ટ બતાવવામાં આવતા આ પેન્ટ તેમનું નહી હોવાનું અને તેમનું પેન્ટ ડાર્ક કલરનું હતું. આ પેન્ટ બદલી નાખવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તેઓએ એક ટી – શર્ટ સફેદ કલરની આખી કુલવાળી તેમના દીકરાની આપેલ હતી, જે તેઓએ પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ હતી, જે તેમના દીકરાએ પહેરેલ તે તેઓએ રજુ કરેલ હતી અને તે પોલીસે જમા કરેલ હતી. તેઓએ પોતે તે રજુ કરેલ હતી.

પોલીસે તેમની સિવિલ હોસ્પીટલમાં આવીને ફરિયાદ લીધેલી હતી અને તેઓને બે દિવસ અંદરના દર્દી તરીકે સિવિલ હોસ્પિટલમાં રાખેલ. તેમના દીકરા તથા પત્નીને પણ સારવાર કરાવેલ હતી. તેમના દીકરાને પણ અંદરના દર્દી તરીકે સિવિલ હોસ્પીટલમાં બે દિવસ રાખેલ હતો. તેમના પત્ની ચંદ્રીકાબેને પણ તેમની સાથે સારવાર કરાવેલ અને તેણીને પણ બે દિવસ અંદરના દર્દી તરીકે સારવાર માટે રાખેલ હતાં. ડોકટરને તેઓને થયેલી ઈજા અંગેની હકીકતો જણાવેલી હતી. આ બનાવનું કારણ મંદિર બાબતનો ઝગડો હતો. આ બનાવ વખતે અન્ય કોઇ વ્યકિત ત્યાં હાજર ન હતી.

આ સાહેદની ઉલટ તપાસ કરવાના તબકકે તહોમતદારો તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોવાની હકીકતોએ આ સાહેદની ઉલટ તપાસ કરવાનો તહોમતદારોનો હકક બંધ કરવામાં આવેલ. આ કામે તહોમતદારો તરફે ત્યાર બાદ ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખોલી આપવામાં આવે તેવો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આ હકીકતોએ તહોમતદારો તરફે આ ફરીયાદીના પુરાવાની હકીકતોનું ખંડન કરવાનો કે તેને પડકારવાનો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

(૯.૨) ફરિયાદપક્ષે આંક – ૦૯ થી પંચ ઉપેન્દ્ર બાબુભાઇ પરમાર પરની સરતપાસમાં તા. ૧૧/૧૧/૧૬ ના રોજ પોલીસે તેમને કોઇ જગ્યાએ બોલાવેલ નહીં કે તેમની હાજરીમાં કોઇ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ નહીં. હોવાનું જણાવી આંક – ૧૦ થી પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવી રજૂ રાખેલ છે. આ પંચ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ. પી. પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાં છતાં તેઓ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. આ સાહેદની ઉલટ તપાસ કરવાના તબકકે તહોમતદારો તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોવાની હકીકતોએ આ સાહેદની ઉલટ તપાસ કરવાનો તહોમતદારોનો હકક બંધ કરવામાં આવેલ. આ કામે તહોમતદારો તરફે ત્યાર બાદ ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખોલી આપવામાં આવે તેવો કોઇ પ્રયત્ન કરવામાં આવેલ નથી. આ હકીકતોએ તહોમતદારો તરફે આ ફરીયાદીના પુરાવાની હકીકતોનું ખંડન કરવાનો કે તેને પડકારવાનો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી.

(૯.૩) આ કામે ફરિયાદપક્ષે આંક – ૧૧ થી સાહેદ ચંદ્રેશ મહેશભાઈ મહેરીયા સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ફરિયાદી તેમના પિતા થાય છે. આ બનાવ તા. ૧૧/૧૧/૧૬ ના રોજ સવારે સાડા દશ વાગ્યાના અરસામાં તેઓ ટયુશનથી ઘરે આવી રહેલ હતાં, ત્યારે તેમના પપ્પા મંદિરનો વહીવટ કરતાં હતાં તે બાબતે તેજશે તેમના પિતા સાથે ઝગડો કરેલો અને ગાળાગાળી કરેલી. તેમ જણાવી સાહેદે જણાવેલ છે કે તેઓની સાથે ઝગડો કરેલ. તેમના પિતા આવી જતાં તેઓએ તહોમતદારને ઝગડો કેમ કરે છે? તેમ પુછતાં તેમના પિતા સાથે ગાળાગાળી કરેલી. કયાંકથી ધારીયું લઇ આવી અને માથાના આગળના ભાગે ધારીયું મારેલ અને તેઓ છોડાવવા વચ્ચે પડતાં માથાના પાછળના ભાગે ધારીયું મારી દીધેલ. તેમના પિતાને ચક્કર આવતાં નીચે પડી ગયેલ અને સાહેદ તેમના ઘરે ગયેલ અને તેમના ઘરના લોકોને જાણ કરેલ. ત્યારબાદ તેજશની મમ્મી દીનાબેને સાહેદના મમ્મી સાથે મારા મારી કરેલી હતી. ૧૦૮ ને ફોન કરતાં તેઓને સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઇ ગયેલ હતાં. તેમના પિતાએ ફરિયાદ આપેલ અને પોલીસે તેમની પુછપરછ કરેલ અને તેમનો જવાબ લીધેલો હતો. તહોમતદાર તેમની ચાલીમાં રહેતાં હોય તેઓ તેમને ઓળખે છે. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ. પી. પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી સુચક પ્રશ્નો પુછતા ધકામુકી થતા બુમાબુમ બી થતા તેજસના પિતા ત્યાં આવી ગયેલ અને સાહેદને તથા તેઓની માતાને ગડદા પાટુનો માર મારેલ અને ચાલીના માણસો ભેગા થઇ જતા તે ત્યાંથી જતા રહેલ હોવાની હકીકતો નિવેદનમાં લખાવેલ હોવાનું જણાવે છે.

આ સાહેદ તહોમતદાર તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, આ બનાવ બનેલ ત્યાંથી તેમનું ઘર દેખાય છે. આ બનાવ બનેલ ત્યાંથી તહોમતદારનું ઘર દેખાય નહીં. આ બનાવ અડધો કલાક ચાલેલો હતો. ફરિયાદમાાં દશ મીનીટ ચાલેલ તેવું લખાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. તેમજ તહોમતદાર તેજશ ધારીયું લઇને આવેલ નહીં, પરંતુ સાહેદની પાસે ધારીયું હોવાનો ઇન્કાર કરેલ છે. તહોમતદાર ધારીયું કયાંથી લાવેલ તેની તેમને ખબર નથી. તહોમતદાર તેજશ ધારીયું લઇને રોડ પર ઉભેલ હોવાનો ઇન્કાર કરેલ છે. તહોમતદારને ધારીયુ લઇ આવતા કેટલો સમય થયેલ તેની તેઓને ખબર નહી હોવાનું જણાવેલ છે.

(૯.૪) ફરિયાદપક્ષે આંક – ૧૨ થી સાહેદ નટવરભાઇ ખુશાલભાઇ મહેરીયા સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ફરિયાદીને ઓળખતાં નથી તથા તહોમતદારને ઓળખતાં નથી. ફરિયાદીએ શું બાબતની ફરિયાદ આપેલી તેની તેમને માહિતી નથી. પોલીસે તેમનું નિવેદન કે જવાબ લીધેલ નહીં કે પુછપરછ કરેલી નહીં. આ સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ. એ. પી. પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી સુચક પ્રશ્નો પુછવા છતાં તેઓ તેમના પોલીસ રૂબરૂના નિવેદનની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. આ સાહેદની ઉલટ તપાસ કરવાના તબકકે તહોમતદારો તરફે કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોવાની હકીકતોએ આ સાહેદની ઉલટ તપાસ કરવાનો તહોમતદારોનો હકક બંધ કરવામાં આવેલ.

(૯.૫) ફરિયાદપક્ષે આંક – ૧૪ થી સાહેદ ચંદ્રીકાબેન મહેશભાઇ સોગંદ પરના પુરાવામાં જણાવે છે કે, તેઓના પતિ રીક્ષા ચલાવે છે. તેઓના દિકરાનં નામ ચંદ્રેશ છે. તેઓનો દિકરો ટયુશનમાં સવારે નવ વાગ્યે જતો અને સાડા અગિયાર વાગ્યે પાછો આવતો. આ બનાવના દિવસે તેઓનો દિકરો અગિયાર વાગે પાછો આવેલ. આ બનાવના દિવસે સાહેદ તેઓના ઘરે હતા. તેઓના પતિ દોડીને જતા પાછળ – પાછળ – પાછળ ગયેલ. ત્યા જઇને જોયેલ તો તેજસ ગાળો બોલતા હતો અને તેઓના માતા – પિતા પણ સાહેદ તથા તેના પરીવારને ગાળા ગાળી કરતા હતા.

તેજસના માતાનું નામ મીનાબેન છે. તે સમયે ઝપા – ઝપી, ગાળા – ગાળી અને ગડદા પાટુ થવા લાગેલ. તેજસ ધારીયુ લાવેલ અને મહેશભાઇને મારી દીધેલ. મહેશભાઇને ડાબી સાઇડે માથામા મારી દીધેલ. તેઓના દિકરાને માથામાં પાછળ ધારીયુ મારતા પાંચ ટાંકા આવેલા. તેઓના દીકરાને ધારીયુ તેજસે મારેલું. ઇજા થતા મહેશભાઇને લોહી નીકળેલ બુશર્ટ લોહીવાળુ થઇ ગયેલ. તેઓના દિકરા ચંદ્રેશને પણ લોહી નીકળતું હતું. સારવાર માટે ૧૦૮ માં સીવીલમાં લઇ ગયેલા.

આ સાહેદ તહોમતદારો તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, તેઓની જે ચાલીમાં રહે છે તેમાં કેટલા મકાન આવેલ છે તેની તેઓને ખબર નથી. તેઓના મકાનનો નંબર – ૪૪ છે. તેઓની ચાલીમાં તેઓના મકાન સીવાય આજુબાજુમાં બીજા મકાન આવેલ છે. આ કામના તહોમતદારો જોર – જોરથી ગાળો બોલતા હતા. આ બનાવ સમયે કેટલા માણસો ભેગા થઇ ગયેલ તેની તેઓને ખબર

નથી. તેઓ કહી શકે નહી કે તેઓના પતિને વાગેલ ત્યારે આજબાજુના કોઇ આવેલ કે નહી. તેઓ કોઇના નામ આપી શકે તેમ નથી. આ બનાવ આશરે દશેક મીનીટ જેટલો ચાલેલો. ૧૦૮ આવતા તેઓના પતિને તેમાં સારવાર માટે લઇ ગયેલા. તેઓ જયારે સારવાર કરાવવા ગયેલ ત્યારે ડોકટરને કોણે ઈજા કરેલ તેવું લખાવેલ. તેઓના પતિ તથા દીકરાના લોહી વાળા કપડા પોલીસને આપેલા.

(૯.૬) ફરિયાદપક્ષે આંક – ૧૬ થી સાહેદ મુળજીભાઇ ખુશાલભાઇ મહેરીયા સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, આ બનાવ કયા વર્ષમાં બનેલો તેનો તેમને ખ્યાલ નથી. આ બનાવ સમયે હોમગાર્ડમાં મેઘાણી નગર નોકરી કરતાં હતાં. આ બનાવ સમયે તેમની નોકરીનો સમય ૮ થી બપોરના ૦૨.૦૦ વાગ્યા સુધીનો હતો. આ બનાવના દિવસે આશરે સવારના સમયે તેઓ તેમની ફરજ પર મેઘાણીનગર વિસ્તારમાં બેંક પાસે હાજર હતા. તેઓ ત્યાં ઉભા હતા ત્યારે એક ભાઇને બાઇક ઉપર બેસાડી લઇ જતા હતાં, તે તેમના નાના ભાઇ હતા. તેમના ભાઇ તેને લઇ જતાં હતાં. બંને લોહી લુહાણ હાલતમાં હતાં. બંને પોલીસ સ્ટેશને ગયેલા અને ૧૦૮ બોલાવેલ. તેમના ભાઇનું નામ મહેશભાઇ, જમાઇનું નામ કૃણાલભાઇ હતું.

તેમને એવું જાણવા મળેલ કે ચાલીના નાકા ઉપર મારામારી થેયલી. આ બનાવમાં ચંદ્રેશ, જીતુભાઇનો છોકરો હતો. આ બનાવ શા કારણે બનેલો તેવું જાણવામાં આવેલ નહીં. આ બનાવમાં તેઓએ નિવેદન આપેલું. તેઓના જાણવામાં આવેલ કે, આ બનાવ સમયે ધારીયા વડે ઈજા થયેલી. આ ધારીયું તેજશભાઇએ મારેલું. તેમના ભત્રીજાનું નામ ચંદ્રેશભાઇ છે. તેમના પત્નીનુ નામ મંજુલાબેન છે. તેમના ભાઇના પત્નીનું નામ ચંદ્રીકાબેન છે. આ બનાવમાં બીજા કોઇને ઈજા થયેલી હોય તેવું તેમની જાણમાં આવેલ નથી. તેઓ તેમના ભાઇને ઈજા કરનારને ઓળખી શકે.

આ સાહેદ તહોમતદારો તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે, આ બનાવ સમયે તેઓ સિકયોરીટી ગાર્ડ તરીકે તેમની બેંકમાં નોકરી કરતાં હતાં. બેંકની અંદર નોકરી કરતાં હોય તેઓને સજાગ રહેવું પડે, તેવા પ્રશ્નના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, માણસોના ટોળાને ધ્યાન રાખવા બહાર જવું પડે. આ સમયે તેમની બેંક પાસે ૪૦૦ થી ૫૦૦ માણસો હતાં. તેઓએ ઉલટમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આટલા માણસો હોય તો તેમને કાબુ કરવા તેઓનું ધ્યાન હોય. ચાલીના

નાકે કોણ કોણ હતું અને કોની મગજમારી થયેલી તેની જાત માહિતી નથી. તેઓએ તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ કે, તેમના ભાઇને તેમના જમાઇ બાઇક ઉપર લઇને જતા હતાં. આ બનાવ અંગે તેઓને જાત માહિતી નથી.

(૯.૭) ફરિયાદપક્ષે આંક – ૧૭ થી સાહેદ ડો. મહીપાલ તુલસીભાઇ શેઠ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ગઇ તા. ૧૧/૧૧/૧૬ ના રોજ ટ્રોમા સેન્ટર સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ બજાવતાં હતા. ત્યારે એક દર્દી નામે મહેશભાઇ ખુશાલભાઇ મહેરીયા અને ચંદ્રીકાબેન દ્વારા તેમની સમક્ષ સારવાર માટે લાવવામાં આવેલા હતાં. જેની જાણ તેઓએ લોકલ પોલીસ બ. નં. – ૯૪૩૪ ને કરેલી. દર્દીની તપાસણી તેઓએ તે જ તારીખે સવારના અગિયાર વાગેને બત્રીસ મીનીટે ઇ. પી. આર. નં. – ૨૦૬૩૧/૨૯/ ૧૬ થી કરેલી હતી. દર્દીને બહારના દર્દી તરીકે ડોકટર જે. કે. શાહ ન્યુરો સર્જીકલ દ્વારા સારવાર આપવામાં આવેલ હતી.

દર્દી ભાનમાં હતાં અને બનાવની વિગત દર્દીએ પોતે આપેલી હતી કે, " આજ રોજ સવારના ૧૦.૪૫ મીનીટે જોગેશ્વરી નગર મેઘાણીનગર ખાતે તેજસે ધારીયુ મર્યું. " દર્દીની તપાસણી કરતાં ૦.૮ x ૦.૫ x ૦.૫ સે.મી. નો કપાયેલો ઘા માથાના ડાબા ફ્રન્ટલ ભાગમાં હતો. જે ત્રાંસો હતો જેમાંથી લોહી વહેતું હતું અને તે ડાબા આંખની ભ્રમણથી ૬ સે.મી. ઉપરની તરફ પાછળની બાજુએ હતો. દર્દીનો મગજનો સીટી સ્કેન કરવામાં આવેલો હતો. જેમાં માથાના ડાબા ફ્રન્ટોપરાઇટલ હાડકાનો રેખાંકીત નોન ડીસ્પલેસ્ડ અસ્થિભંગ હતો, ફ્રેકચર હતો. દર્દીનો છાતીનો ટીબીએચ, સર્વાઇકલ સ્પાઇન, લંબર સ્પાઇનનો એક્ષ–રે કરવામાં આવેલો હતો, જેનો નં. ૭૫૨૦૨ હતો, જે સામાન્ય હતો. ઉપરોકત ઇન્જરી સર્ટીફીકેટ તેમના સ્વહસ્તાક્ષરમાં છે અને તેમાં નીચે તેમની સહી છે તેમ જણાવી આ કામે આંક – ૧૮ થી રજુ રાખેલ છે. તેમના મત મુજબ ઉપરોકત ઇજાઓ ગંભીર પ્રકારની હતી.

આ જ દિવસે બપોરના ૧/૫૧ મીનીટે દર્દી નામે ચંદ્રીકાબેન મહેશભાઇ મહેરીયાને ચંદ્રેશ દ્વારા તેમની સમક્ષ સારવાર માટે લાવવામાં આવેલા. જેની જાણ તેઓએ લોકલ પોલીસ બ. નં. – ૮૩૮૦ ને કરેલી હતી. દર્દીની તપાસણી તે જ તારીખે ૧/૫૧ મીનીટે ઇ. પી. આર. નં. – ૨૦૬૩૪/૧૬ થી કરેલી હતી. દર્દીને બહારના દર્દી તરીકે ઓપીડી કેસ ઉપર ડો. એમ. એમ. પ્રભાકર ઓર્થોપેડીક યુનિટ

દ્વારા આપવામાં આવેલી હતી. દર્દી ભાનમાં હતાં. આ બનાવની વિગત દર્દીએ પોતે આપેલી હતી કે, " આ જ સવારના ૧૦ વાગે જોગેશ્વરી નગર મેઘાણીનગર આશિષનગરની પાછળ દીનાબેને લાકડી મારી."

દર્દીની તપાસણી કરતાં જમણા કોણીના ભાગે પાછળની બાજુએ સોજો હતો. તેમજ તપાસણી કરતાં દબાવવાથી દુ:ખતું હતું. કમરના નીચેના ભાગે દુ:ખાવાની કંમ્પ્લેઇન હતી. ઉપરોકત ઇન્જરી સર્ટીફીકેટ તેમના સ્વહસ્તાક્ષરમાં હોવાનું જણાવી આંક – ૧૯ થી પુરાવામાં રજુ રાખેલ છે. ઉપરોકત ઇજાઓ ગંભીર પ્રકારની ન હતી. સામાન્ય પ્રકારની ઇજા હતી.

તહોમતદાર તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ દર્દી પોલીસ યાદી લાવેલા ન હતાં, તેમજ તેઓએ ફકત પ્રાથમીક તપાસ કરેલી, તેમજ દર્દી જે હીસ્ટ્રી લખાવે તે પ્રમાણે તેઓ લખે છે. એ વાતનો ઇન્કાર કરેલ છે કે, મહેશભાઇને થયેલ આવી ઇજા કોઇ જગ્યાએ અથડાવાથી પણ થઇ શકે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ચંદ્રીકાબેનને થયેલી ઇજા પડી જવાથી પણ થઇ શકે.

(૯.૮) ફરિયાદપક્ષે આંક – ૨૧ થી ડો. વિંકાસ ભરતભાઇ ટાભાણી સોગદ પરના પુરાવામાં જણાવે છે કે, તા. ૧૧/૧૧/૧૬ ના રોજ બપોરે ૨.૧૩ કલાકે દર્દી નામે ચંદ્રેશકુમાર મહેશભાઇ મહેરીયાને તેમના મિત્ર અંકિતભાઇ તેમની સમક્ષ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે લાવેલ. તેમને ઇ. પી. આર. નં. – ૨૦૩૫/૨૯/૧૬ થી તાપાસેલ. દર્દી સંપૂર્ણ ભાનમાં હતાં. દર્દીએ પોતે બનાવની વિગતમાં જણાવેલ કે, આજે સવારે ૧૦.૪૫ વાગે યોગેશ્વરીનગર, મેઘાણીનગર જીતુ મહેરીયાએ ધારીયું મારેલું. દર્દીને તપાસતા માથના પાછળના ભાગે ૧.૫ x ૦.૫ x ૦.૩ સે. મી. માપનો છુંદાયેલો ચકામાવાળા ઘા હતો. દર્દીના માથાનો એક્ષ – રે કરાવતાં તે સામાન્ય જણાયેલ. દર્દીને તેમના દ્વારા પ્રાથમીક સારવાર કરીને ડો. એન. એમ. પરમાર સર્જરી વિભાગમાં વધુ સારવાર અર્થે મોકલેલ. ત્યાં તેમનું બહારના દર્દી તરીકે કંજરવેટીવ ટ્રીટમેન્ટ આપી રજા આપેલી. આ અંગેનું સર્ટીફીકેટ આંક – ૨૨ થી પુરાવામાં રજુ રાખેલ છે. આ ઇજા એ સામાન્ય પ્રકારની ઇજા હતી.

તહોમતદારો તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી કોઇ પોલીસ યાદી સાથે આવેલા ન હતાં, દર્દીના લખાવ્યા પ્રમાણેની હીસ્ટ્રી તેઓ લખે છે, તેમજ જીતુભાઇએ ફેંટોનો માર મારેલો કે ગડદાપાટુનો માર માર્યોની હીસ્ટ્રી લખાવેલી નથી. ધારિયાથી થયેલ ઇજા અને ગડદાપાટુથી થયેલી ઇજા અલગ હોય છે. તેઓ એ વાત સાથે સહમત છે કે, આવી ઇજા કોઇ જગ્યાએથી અથડાવવાથી કે પડી જવાથી થઇ શકે. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે આ દર્દીની ફકત પ્રાથમીક સારવાર કરેલી, તેમજ બાકીની તમામ સારવાર ડો. એમ. એન. પરમાર સાહેબે કરેલી હતી.

(૯.૯) ફરિયાદપક્ષે આંક – ૨૭ થી સાહેદ ડો. નિતિન મુળચંદભાઇ પરમાર સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, તેઓ હોસ્પિટલમાં ૨૫ વર્ષથી પ્રોફેસર તરીકે સર્જરી વિભાગમાં ફરજ બજાવે છે. તેઓએ આંક – ૨૨ વાળું સર્ટીફીકેટ જોઇને જણાવેલ છે કે, ડો. વી. બી. ટાભાણીની સહી છે. આ દર્દી ચંદ્રેશકુમાર મહેરીયાની સર્જરી વિભાગમાં સારવાર માં મોકલવામાં આવેલા. આ દરમિયાન તેઓ ફરજ પર હાજર હતાં અને આ દર્દીને તપાસી અને જરૂરી સારવાર કરવમાં આવેલી. આ દર્દીને કન્જરવેટીવ સારવાર આપવામાં આવેલ. તેમાં ઘાનું ડ્રેસીંગ તેમજ ધનુરનું ઇન્જેકશન, એન્ટીબાયોટીક દુઃખાવા માટેની ગોળીઓ આપવામાં આવેલી. તેમને વધુ સારવાર માટે ઇજા સામાન્ય જણાતાં ઇજાના કારણે રજા આપવામાં આવેલી.

તહોમતદારો તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ દર્દી પોલીસ યાદી સાથે આવેલા, તે અંગેની કોઇ માહિતી નથી, તેમજ કેસ પેપરના આધારે દર્દીએ હીસ્ટ્રી લખાવેલ છે, તેમજ ઇજાના સર્ટીફીકેટમાં તેમની સહી નથી, તેમજ આવી ઇજા કોઇ પદાર્થ અથડાવાથી થઇ શકે, તેમજ આ દર્દીની સારવાર તેમણે કરેલી નથી.

(૯.૧૦) ફરિયાદપક્ષે આંક – ૨૯ થી તપાસ કરનાર અધિકારીશ્રી યોગેશ પ્રભુભાઇ પટેલ સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, ગઇ તા. ૧૧/૧૧/૧૬ ના રોજ તેઓ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં હાજર હતા. ત્યારે પી. એસ. ઓ. એ ફરિયાદી મહેશભાઇ કુશલભાઇ મહેરીયાએ આપેલ ફરિયાદ અનુસંધાને ગુનો રજીસ્ટર કરી તપાસ તેઓની તરફ મોકલી આપેલી. જે સી. આર. પી. સી. કલમ – ૧૫૭ મુજબનો રીપોર્ટ આ કામે આંક – ૩૦ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેમને આપવામાં

આવેલ વર્ધી આ કામે આંક – ૩૧ થી પુરાવામાં રજુ રાખેલ છે. આ તપાસના કામે તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, જે આ કામે આંક – ૩૨ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓએ ફરિયાદીએ પહેરેલ કપડાંનું પંચનામું કરેલ, જે આ કામે આંક – ૩૩ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓ રજા પર હોય તહોમતદાર જીતુભાઇ છનાભાઇ મહેરીયા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેજસ જીતુભાઇ પોલીસ સ્ટેશને હાજર થઇ ગુનાના કામે વાપરેલ ધારીયું જે કાયદાના સંઘર્ષમાં આવેલ જીતેએ (ખરેખર કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તેજશે રજૂ કરેલ હોવાનું કહેવાય) રજુ કરતાં પી. એસ. આઇ. તવેટીયા રૂબરૂ રજુ કરતાં તેનું વિગતવારનું પંચનામું કરેલ, જે આ કામે આંક – ૩૪ થી પુરાવામાં રજુ રાખેલ છે. સદર તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તહોમતદાર દીનાબેનની અટક કરી કોર્ટ સમક્ષ રજુ રાખેલ હતાં. સદર તપાસના કામે ગુનામાં હથિયાર વપરાયેલ હોય જે તે વખતે પોલીસ કમીશ્નર સાહેબ, અમદાવાદનું જે તે વખતનું જાહેરનામું મેળવવા તજવીજ કરેલી અને તે મેળવેલ. જે આ કામે આંક – ૩૫ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓએ તહોમતદારનું જન્મનું પ્રમાણપત્ર, સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ મેળવેલી, જે આ કામે આંક – ૩૬, ૩૭ થી પુરાવામાં રજુ રાખેલ છે. સદર કામે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીને ડી. ડી. લેવા માટે વિનંતી પત્ર મોકલેલો, જે આ કામે આંક – ૩૮ થી પુરાવામાં રજુ રાખેલ છે. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી આર. એસ. સોલંકી, મેટ્રો. એરીયા, કોર્ટ નં. – ૦૧, અમદાવાદવાળાઓએ મહેશ ખુશાલ મહેરીયાનું તા. ૧૧/૧૧/૧૬ ના રોજનું મરણોન્મુખ નિવેદન લીધેલ, તેમાં આ કામના ફરિયાદી મહેશભાઇની સહી છે, તે આ કામે આંક – ૩૯ થી પુરાવામાં રજુ રાખેલ છે. આ તપાસના કામે તેઓએ દર્દીની સારવાર કરવા તજવીજ કરેલી, જે આ કામે આંક – ૪૦ તથા ૪૧ થી પુરાવામાં રજુ રાખેલ છે. સદર તપાસના કામે તવેટીયા સાહેબ પો. સ. ઇ. એ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને પ્રમુખશ્રી, જુવેનાઇ જસ્ટીસ કોર્ટ સમક્ષ રજુ કરેલ, જે રીપોર્ટ આ કામે આંક – ૪૨ થી પુરાવામાં રજુ રાખેલ છે. તેઓએ ઇજા પામનારના સારવાર સર્ટીફીકેટ મેળવેલા અને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલું. તહોમતદારોને તેઓ જોયે ઓળખી શકે, જેઓ આજ રોજ કોર્ટ સમક્ષ હાજર છે.

તહોમતદારો તરફે કરવામાં આવેલી ઉલટમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, મંદિરના વહીવટ બાબતે જે ઝગડો થયેલ તેની તપાસ તેઓએ કરેલી નહીં. મંદિરના પુજારી કે વહીવટકર્તાના કોઇના નિવેદન લીધેલા નહીં. સાહેદ

ચંદ્રેશભાઇના નિવેદનમાં જીતુભાઇએ ધારીયું મારેલ તેવું લખાવેલ નથી. તેઓએ ઉલટમાં એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ચંદ્રીકાબેનના નિવેદનમાં દીનાબેને લાકડી મારેલ હોય તેવી હકીકત લખાવેલ નથી. ક્રિષ્ના પાન પાર્લરવાળાનું કોઇ નિવેદન લીધેલ નથી. ચાલીના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ કામે લાકડી મુદ્દામાલ તરીકે કબ્જે કરેલ નથી. ફરિયાદીએ ૧૦૮ ને કયા નંબરથી ફોન કરેલ તેવી તપાસ કરેલ નથી. ૧૦૮ના કોઇ માણસોના નિવેદન લીધેલા નથી. ફરિયાદીએ તહોમતદારોએ કેવા શબ્દોથી ગાળો બોલેલ તે ફરિયાદમાં લખાવેલ નથી. જયારે તેઓને ઉલટમાં કરવામાં આવેલા અન્ય સૂચક પ્રશ્નોના ઇન્કામાં જવાબો આપેલા છે.

**(૧૦)** આ કામે ફરીયાદ પક્ષે રજૂ કરેલ ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતોને ઘ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીએ આ બનાવ બાબતે સૌ પ્રથમ આંક – ૦૮ વાળી ફરીયાદમાં એવી હકીકતો જાહેર કરેલ કે, ગઇ તા. ૧૧/૧૧/૨૦૧૬ ના રોજ કલાક–૧૦.૩૦ વાગ્યાના સુમારે જોગેશ્વરીનગરની ચાલીના નાકે તેમનો દીકરો ચંદ્રેશકુમાર ટયુશનમાંથી પરત આવી ચાલીના નાકે ઉભો હતો તે સમયે તેજશ તેની પાસે આવી કહેવા લાગેલ કે તમે મંદીરનો વહીવટ ચાલીના છોકરાઓને સોંપી દો, તેમ કહી તેમના દીકરા સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ અને બીભત્સ ગાળો બોલેલ. જેથી તેમના દીકરાએ ગાળો બોલવાની ના કહેતા ઉશ્કેરાઇ ગયેલ અને તેમના દીકરાને ગડદા પાટુનો અને ફેંટોનો માર મારવા લાગેલ. તે વખતે અવાજ થતા તેઓ ત્યાં ગયેલ અને પોતાના છોકરાને છોડાવવા વચ્ચે પડતા તે સમયે તેજશના માતા દીનાબેન પણ ત્યાં આવેલ અને તેઓ તેઓની સાથે ઝપાઝપી કરવા લાગેલ. આ સમયે તેઓના પત્ની ત્યાં આવી જતા દીનાબેન તેને ગડદા પાટુનો અને ફેંટોનો માર મારવા લાગેલા. આ સમયે તેજશ કયાંકથી ધારીયુ લઇ આવેલ અને તેઓને એક ઘા મારેલ. તે વખતે ચંદ્રેશ વચ્ચે પડતા તેને પણ તેજશે ધારીયાનો ઘા માથામાં પાછળ મારેલ. તેઓને માથામાં ધારીયુ વાગવાથી લોહી નીકળવા લાગેલ. તે વખતે ૧૦૮ આવતા તેઓને સારવાર માટે લઇ ગયેલ હોવાની હકીકતો જાહેર કરવામાં આવેલી.

**(૧૧)** આ કામે આંક – ૦૭ થી ફરીયાદીએ સોગંદ પર જે હકીકતો જાહેર કરેલ છે તે ઘ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી સોગંદ પરના પુરાવામાં ફરીયાદની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજૂ રાખી રહેલ હોવાનું જણાઇ આવે છે. આ ફરીયાદી તહોમતદારોએ તેઓને કેવી રીતે ઈજા કરેલ તેવી હકીકતો જણાવી રહેલ છે. આ ફરીયાદી સોગંદ પરના પુરાવામાં તેઓને કયા હથીયારથી શરીરના કયા ભાગમાં ઈજા થયેલ તેમજ તેઓના દીકરાને કયા હથીયારથી શરીરના કયા ભાગમાં ઈજા થયેલ તેવું જણાવી રહેલ છે. આ કામના ફરીયાદી સોગંદ પરના પુરાવામાં તેઓના દીકરા અને પત્નીને

તહોમતદારોએ કેવી રીતે માર મારેલ તેવી હકીકતો પણ જણાવી રહેલ છે. આ કામના ફરીયાદી સોગંદ પરના પુરાવામાં હથીયાર પણ ઓળખી બતાવે છે. આ હકીકતોએ આ કામના ફરીયાદી સોગંદ પરના પુરાવા દરમ્યાન તહોમતદારોએ આચરેલ ગુનાની હકીકતોને સંપૂર્ણ સમર્થન કરતો પુરાવો રજૂ રાખતા હોવાનું જણાઇ આવે છે. આ ફરીયાદીની હકીકતોનું તહોમતદારો તરફે કોઈ ખંડન કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોવાનું જણાઇ આવતું નથી. આ કામના તહોમતદારોએ ત્યાર બાદના કોઈ તબકકે પણ આ હકીકતોનું ખંડન કરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાઇ આવતું નથી. જે હકીકતોએ આ કામના ફરીયાદી સોગંદ પરના પુરાવામાં જે હકીકતો જણાવી રહેલ છે તેનું ખંડન થતુ હોવાનું જણાઇ આવતું નથી.

(૧૨) આ કામે સાહેદ ચંદ્રેશભાઇ સોગંદ પરના પુરાવામાં આ કામના ફરીયાદીની હકીકતોને સમર્થન કરતો પુરાવો રજૂ રાખી રહેલ હોવાનું જણાઇ આવે છે. આ સાહેદ સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારોએ તેઓને તથા તેમના પિતા અને માતાને કરેલ ઈજાની હકીકતોને સમર્થન કરી રહેલ છે. આ સાહેદ સોગંદ પરના પુરાવામાં જે હકીકતો જણાવી રહેલ છે તે હકીકતોનું ખંડન થતું હોવાનું જણાઇ આવતું નથી. આ કામે સાહેદ ચંદ્રીકાબેન સોગંદ પરના પુરાવામાં આ કામના તહોમતદારો સાથે થયેલ ઝઘડા બાબતે તેમજ બનાવ બાબતે જે હકીકતો જણાવી રહેલ છે તે હકીકતોમાં થોડો તફાવત જણાઇ આવે છે. આ સાહેદ ફરીયાદી તથા સાહેદ ચંદ્રેશને થયેલ ઈજાની હકીકતો બાબતે સ્પષ્ટ પુરાવો રજૂ રાખી રહેલ છે પરંતુ આ સાહેદ પોતાને થયેલ ઈજા બાબતે સ્પષ્ટતા કરતા હોવાનું જણાઇ આવતું નથી.

(૧૩) આ કામે ફરીયાદી તથા સાહેદો સોગંદ પરના પુરાવામાં જે હકીકતો જણાવી રહેલ છે તે હકીકતોને ડોકટરશ્રીના પુરાવાથી સમર્થન મળતું હોવાનું જણાઇ આવે છે. આ કામે ડોકટરશ્રીના પુરાવાની હકીકતો મુજબ આ કામે આંક – ૧૭ થી સાહેદ ડો. મહીપાલ તુલસીભાઇ શેઠ સોગંદ પરના પુરાવામાં એક દર્દી નામે મહેશભાઇની તપાસણી કરતાં ૦.૮ x ૦.૫ x ૦.૫ સે.મી. નો કપાયેલો ઘા માથાના ડાબા ફ્રન્ટલ ભાગમાં હતો. જે ત્રાંસો હતો જેમાંથી લોહી વહેતું હતું અને તે ડાબા આંખની ભ્રમણથી ૬ સે.મી. ઉપરની તરફ પાછળની બાજુએ હતો. દર્દીનો મગજનો સીટી સ્કેન કરવામાં આવેલો હતો. જેમાં માથાના ડાબા ફ્રન્ટોપરાઈટલ હાડકાનો રેખાંકીત નોન ડીસ્પલેસ્ડ અસ્થિભંગ હતો, ફ્રેકચર હતો. દર્દી નામે ચંદ્રીકાબેન મહેશભાઇ મહેરીયાની તપાસણી કરતાં જમણા કોણીના ભાગે પાછળની બાજુએ સોજો હતો. તેમજ તપાસણી કરતાં દબાવવાથી દુ:ખતું હતું. કમરના નીચેના ભાગે દુ:ખાવાની કંમ્પ્લેઈન હોવાનું જણાવી રહેલ છે. ફરિયાદપક્ષે આંક – ૨૧ થી ડો. વિંકાસ ભરતભાઇ ટાભાણી સોગ દ પરના પુરાવામાં દર્દી નામે ચંદ્રેશકુમારને તપાસતા માથના પાછળના ભાગે ૧.૫ x ૦.૫ x ૦.૩ સે. મી. માપનો છુંદાયેલો ચકામાવાળા ઘા હોવાનું જણાવી રહેલ

છે. આ ડોકટરશ્રીઓ આ કામના ઈજા પામનારાઓને શરીરના જે ભાગે ઈજા જણાવી રહેલ છે તે ઈજાને સમર્થન કરતા હોવાનું જણાઈ આવે છે.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ અન્ય સાહેદો સોગંદ પરના પુરાવામાં જે હકીકતો જણાવી રહેલ છે તે ધ્યાને લેવામાં આવે તો આ સાહેદોનો પુરાવો નજરે જોનાર સાહેદો તરીકેનો નથી. આ સાહેદો બનાવ સમયે સ્થળ પર હાજર હોય તેવી હકીકતો જણાઈ આવતી નથી. આ કામે તપાસ કરનાાર અધીકારીશ્રીના પુરાવાની હકીકતો ધ્યાને લેતા તેઓએ તપાસના કામે મંદિરના વહીવટ બાબતે જે ઝગડો થયેલ તેની તપાસ તેઓએ કરેલી નહીં. મંદિરના પુજારી કે વહીવટકર્તાના કોઇના નિવેદન લીધેલા નહીં. તેમજ ક્રિષ્ના પાન પાર્લરવાળાનું કોઇ નિવેદન લીધેલ નથી. ચાલીના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નહી હોવાની હકીકતો સ્વિકારેલ છે. આ હકીકતોએ આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીએ સ્થળ પર હાજર હોય તેવા કોઈ વ્યકિતઓના નિવેદનો નોંધેલ નથી. સદર તપાસ કરનાર અધીકારીશ્રીનું એવું કહેવું થતુ નથી કે કોઈ નિવેદન લખાવવા તૈયાર નહી હોવાથી પોતે નિવેદન નોંધેલ નથી. આમ છતા જયારે તપાસ કરનાર અધિકારીશ્રીએ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવાની દરકાર કરેલ નથી. તે હકીકતોએ આ કામના ફરીયાદીની હકીકતો શંકાસ્પદ બની જતી હોવાનું કહી શકાય નહી.

(૧૫) આ કામે ફરીયાદી અને સાહેદોના પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના તહોમતદારોએ આચરેલ ગુનાની હકીકતોને સમર્થન કરતો પુરાવો જણાઈ આવે છે. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીએ અન્ય સ્વતંત્ર લોકોના નિવેદનો લીધેલ નહી હોવાની હકીકતોએ ફરીયાદ પક્ષની હકીકતો ક્ષતિ યુકત હોવાનું કહી શકાય નહી. આ કામે પંચો પંચનામાને સમર્થન કરતા નથી. પંચો પંચનામાની હકીકતોને સમર્થન કરે નહી તે માટે અનેક કારણો હોઈ શકે. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રી સોગંદ પરના પુરાવામાં પંચનામાની હકીકતોને સમર્થન કરી રહેલ હોવાની હકીકતોએ તપાસ કરનાર અધીકારીશ્રીએ કરેલ કાર્યવાહીને પંચો સમર્થન નહી કરતા હોવાના એક માત્ર કારણોસર શંકાસ્પદ ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદીના સોગંદ પરના પુરાવામાં ફરીયાદી કબજે કરવામાં આવેલ પેન્ટ બાબતે પોતાનું નહી હોવાનું જણાવી રહેલ છે. પરંતુ કબજે કરવામાં આવેલ મુદામાલ ધારીયુ તેજશ પાસે હતુ તે હકીકતોને તેઓ વળગી રહેલ છે. આ હકીકતોએ હથીયારની ઓળખ સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઈ આવે છે.

(૧૬) આ કામે તહોમતદારો તરફે એક એવો બચાવ રજૂ રાખવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદ પક્ષના પુરાવામાં વિરોધાભાષ જણાઈ આવે છે. આ કામે પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી અને સાહેદોના પુરાવામાં થોડો ઘણો વિરોધાભાષ જણાઈ આવે છે. પરંતુ આ વિરોધાભાષ

એવો અને એટલો નથી કે જેથી ફરીયાદ પક્ષની સમગ્ર હકીકતો શંકાસ્પદ બની રહે. જે હકીકતોએ તહોમતદાર તરફે ઉઠાવવામાં આવેલ સદર તકરાર ટકવા પાત્ર જણાઇ આવતી નથી.

**(૧૭)** આ કામે તહોમતદારો તરફે સ્થળ પર સ્વતંત્ર સાહેદો હોવા છતા તપાસ કરનાર અધીકારીશ્રીએ આવા કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસેલ નહી હોવાથી તેમજ ફરીયાદ પક્ષના સાહેદો પરીવારજનો હોવાથી તેઓનો પુરાવો આ કામે ધ્યાને લેવા પાત્ર નહી હોવાની રજૂઆત કરેલ છે. આ કામે તહોમતદાર તરફે ફરીયાદી તથા સાહેદોના પુરાવાને સ્વતંત્ર સાહેદોનું સમર્થન મળતું ન હોવાથી આ પુરાવો માની શકાય તેવો નહી હોવાની રજૂઆત કરેલ છે. આ કામના બનાવવાળી જગ્યાની આજુબાજુમાં અન્ય સાહેદો મળી શકે તેમ હોવા છતા તેઓના નિવેદન લેવામાં આવેલ નહી હોવાથી હકીકતો શંકાસ્પદ માનવી જોઇએ તેવી રજૂઆત કરેલ છે. આ કામેની તપાસમાં મહત્વની ક્ષતિ અને ખામી હોવાથી તેનો લાભ તહોમતદારને આપવાની રજૂઆત કરવામાં આવેલ છે. આ કામે તહોમતદાર તરફે રજૂ રાખવામાં આવેલ રજૂઆતને પુરાવાની હકીકતો સાથે ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષના પુરાવામાં જે હકીકતો રેકર્ડ પર લાવવામાં આવેલ છે તે બાબતે શંકા થઇ શકે તેવી સ્થિતિ જણાઇ આવતી નથી. ફરીયાદી અને સાહેદોના પુરાવામાં તહોમતદારોએ માર મારેલ હોવાની તેમજ ગાળો આપેલ હોવાની હકીકતો બાબતે રજૂ થતા પુરાવામાં એક સુત્રતા જણાઇ આવે છે. આ હકીકતોએ ફરીયાદ પક્ષનો પુરાવો આ હકીકતો બાબતે વિશ્વાસ પાત્ર હોવાનું જણાઇ આવે છે. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રીએ સ્વતંત્ર સાહેદો મળી આવી શકે તેમ હોવા છતા તેઓના નિવેદન લીધેલ નહી હોવાના કારણે અથવા પુરતી તપાસ કરેલ નહી હોવાના કારણે આ કામે ફરીયાદ પક્ષની હકીકતો માનવી જોઇએ નહી તેવું જણાઇ આવતું નથી. આજના સમયમાં માણસ પોતાની વ્યસ્તતાના કારણોસર બીજાને મદદરૂપ થવાની ભાવના ગુમાવતો જાય છે. આજના સમયમાં માણસ પાસે પોતાના માટે પણ પુરતો સમય નહી હોવાથી ઘણી વખત પોતાને થતો અન્યાય પણ પોતે સહન કરી લેતો હોય છે. પોતાને ધકકા ખાવા પડશે તેમ માનીને બીજાને મદદરૂપ થવાનું ટાળતો હોય છે. તેવા સમયમાં આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન નહી લીધેલ હોવાના એક માત્ર કારણસર ફરીયાદી અને સાહેદોના પુરાવામાં ખુલવા પામેલ હકીકતો કે તહોમતદારોએ ફરીયાદી તથા સાહેદોને માર મારેલ હોવાનો રજૂથયેલ પુરાવો ખોટો અથવા ભરોષાપાત્ર પુરાવો નથી તેવું કહી શકાય નહી.

**(૧૮)** આ કામે તહોમતદાર તરફેના બચાવના અનુસંધાને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો પુરાવા અધિનિયમની કલમ – ૧૩૪ જણાવે છે કે, પુરાવાની સંખ્યા નહી પરંતુ તેની ગુણવત્તા મહત્વની છે. નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલતે વડીવેલુ થેવર વિ. સ્ટેટ ઓફ મદ્રાસ (એઆઇઆર ૧૯૫૭ સુ. કો. ૬૧૪) માં ઠરાવેલ છે કે,

“Hence, in our opinion, it is a sound and well-established rule12 of law that the court is concerned with the quality and not with the quantity of the evidence necessary for proving or disproving a fact. Generally speaking, oral testimony in this context may be classified into three categories namely:

(1) Wholly reliable.
(2) Wholly unreliable.
(3) Neither wholly reliable nor wholly unreliable.

In the first category of proof, the court should have no difficulty in coming to its conclusion either way it may convict or may acquit on the testimony of a single witness, if it is found to be above reproach or suspicion of interestedness, incompetence or subornation, In the second category, the court equally has no difficulty in coming to its conclusion. It is in the third category of cases, that the court has to be circumspect and has to look for corroboration in material particulars by reliable testimony, direct or circumstantial. There is another danger in insisting on plurality of witnesses. Irrespective of the quality of the oral evidence of a single witness, if courts were to insist on plurality of witnesses in proof of any fact, they will be indirectly encouraging subornation of witnesses.”

આ કામે રજૂ રાખવામાં આવેલ પુરાવાની અને સાહેદોના પુરાવાની હકીકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષનો પુરાવો વિશ્વસનીય જણાઇ આવે છે. તે હકીકતોએ આ કામે અન્ય સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નહી હોવાના એક માત્ર કારણસર આ કામના ફરીયાદી અને સાહેદોનો પુરાવો ખોટો કે અવિશ્વાસપાત્ર જણાઇ આવતો નથી. આ હકીકતોએ આ કામના ફરીયાદી તથા સાહેદોને તહોમતદારોએ ઇજા કરેલ હોવાની હકીકતો સાબિત માની શકાય તેવી હકીકતો જણાઇ આવે છે.

**(૧૯)** આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદમાં તેમજ સાહેદોના પુરાવામાં આ કામના તહોમતદાર ગંદી ગાળો આપતા હોવાનું જણાવવામાં આવેલ છે**.** આ કામે સાહેદોએ અદાલતમાં ગંદી ગાળોના કોઇ શબ્દો જણાવેલ નથી**.** આ પક્ષકાર પોતે આ ગાળો બોલી શકતા ન હોય તેવું ન હોય**,**

આ પક્ષકારોને આ ગાળો યાદ ન હોય તેવું પણ ન હોય, પરંતુ સ્વાભાવિક રીતે પક્ષકારો અદાલતમાં ગંદી ગાળો બોલવાથી પોતાની જાતને અટકાવતા હોય છે. અદાલતમાં પોતાનું ખરાબ લાગશે અથવા તો અદાલતમાં ગાળો થોડી બોલાતી હશે તેવી પોતાની સમજણના કારણે આ ગાળો બોલેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીએ શું શબ્દો બોલી ગાળો આપેલ તેવું પુછેલ હોત તો કદાચ સાહેદો બોલેલ પણ હોત. પરંતુ આ કામે એવી કોઇ હકીકતો જણાઇ આવતી નથી. તેમ છતા સાહેદોના પુરાવામાં ગાળો શબ્દશ: બોલવાને બદલે ગંદી ગાળો બોલતા હતા તેવું જણાવેલ છે. જે હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૯૪(ખ) મુજબનો ગુનો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઇ આવે છે.

**(૨૦)** આ કામેનો હાલનો બનાવ બનવા પામેલ તે બનાવમાં આ કામના ત્રણે તહોમતદારો હાજર હતા. ત્રણે તહોમતદારોએ ગુનો આચરેલો તેવી હકીકતો સાહેદોના પુરાવાથી ફલિત થઇ રહેલ છે. તે હકીકતોએ આ કામના તહોમતદારોએ આ ગુનો આચરવામાં એક બીજાને મદદગારી કરેલ હોય તેવી હકીકતો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું માનવાને કારણ જણાઇ આવે છે. જે હકીકતોએ આ કામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૧૪ મુજબનો ગુનો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઇ આવે છે.

**(૨૧)** આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી કબજે કરવામાં આવેલ હથીયારની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ બનાવમાં હથીયાર તરીકે વાપરવામાં આવેલ ધારીયુ કબજે કરેલ છે. આ કામે ફરીયાદી અને સાહેદ સોગંદ પરના પુરાવામાં ધારીયુ માર્યા ઉપરાંત હાથ વડે માર મારેલ હોવાનું જણાવી રહેલ છે. આ કામના ફરીયાદીએ પુરાવા દરમ્યાન ધારીયુ ઓળખી પણ બતાવેલ છે. આ કામે તપાસ કરનાર અધીકારીશ્રી તરફથી આ ધારીયુ કબજે કરેલો હોવાનું જણાવવામાં આવેલ છે. જે હકીકતોએ આ કામે હથીયાર સાબિત કરવામાં ફરીયાદ પક્ષ સફળ થતો હોવાનું જણાઇ આવે છે.

**(૨૨)** આ કામે તહોમતદાર તરફે આ કામના પંચો સમર્થન કરતા ન હોય તેથી પંચનામા સાબિત માની શકાય નહી તેવી પણ રજૂઆત કરવામાં આવેલ છે. પરંતુ આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ આ પંચનામાઓ રીફર કરેલ છે. આ તપાસના કામે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ પોતાની ફરજના ભાગ રૂપે જે કાર્યવાહી કરેલ છે તે કાર્યવાહીને જયાં સુધી વિરૂધ્ધનું સાબિત કરવામાં આવે નહી ત્યાં સુધી ખોટી માનવાને કોઇ કારણ રહેતુ નથી. આ કામે પંચો સમર્થન કરતા નહી હોવાના એક માત્ર કારણોસર રજૂ થયેલ પંચનામાઓની હકીકતોએ કાર્યવાહી કરવામાં આવેલ તે ખોટી હોવાનું કહી શકાય નહી. તે હકીકતોએ પંચનામા સાબિત માનવાને કારણ હોવાનું અનુમાન કરવાની સ્થિતિ જણાઇ આવે છે.

(૨૩) આ કામે ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબના આક્ષેપો આધારીત ચાર્જશીટ દાખલ કરેલ છે. આ કામેના ચાર્જશીટમાં સાહેદ લીસ્ટ વંચાણમાં લેવામાં આવે તો તેમાં પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જવાબદાર અધીકારીશ્રીને જાહેરનામા સાથે સાહેદ તરીકે દર્શાવેલ છે. આ કામના તપાસ કરનાર અધીકારીશ્રીએ પુરાવા દરમ્યાન આંક – ૩૫ થી જાહેરનામાની નકલ રજૂ રાખેલ છે. જે ધ્યાને લેતા આ બનાવ સમયે હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવાની હકીકતો માનવાને કારણ જણાઇ આવે છે. આ જાહેરનામું અમલમાં હોવા છતા આ કામે ધારીયાનો ઉપયોગ કરેલ હોવાની હકીકતોએ આ કામે ફરીયાદ પક્ષે ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબના આક્ષેપો સાબિત કરવામાં આવેલ હોવાનું માનવાને કારણ જણાઇ આવે છે.

(૨૪) આ કામે ફરીયાદ પક્ષે આ કામના તહોમતદારોએ આચરેલ ગુનાની હકીકતો નિ:શંક પણે સાબિત કરેલ હોવાનું માની શકાય તેવી રેકર્ડ આધારીત સ્થિતિ જણાઇ આવે છે. આ કામે તહોમતદાર તરફે રજૂ રાખેલ બચાવમાં એક સુત્રતા જણાઇ આવતી ન હોય તેવા સંજોગોમાં આ બચાવ ટકવા પાત્ર જણાઇ આવતો નથી. આ કામે ફરીયાદીની હકીકતોને પડકારવાનો તહોમતદારોએ પ્રયત્ન કરેલ નથી. આ હકીકતોએ આ કામે તહોમતદારો આ ગુનો આચરેલ હોવાની હકીકતો સાબિત માની શકાય તેવી રેકર્ડ આધારીત સ્થિતિ જણાઇ આવે છે.

(૨૫) આ કામે તહોમતદાર તરફે એક એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આ બનાવમાં ધારીયુ મારવાનો ગુનો તેજશે કરેલ હતો. આ કામના તહોમતદારોએ ગડદા પાટુનો માર મારેલ હોવાના આક્ષેપો કરવામાં આવેલ છે. આ કામે તહોમતદાર તેજશ જે તે સમયે પુખ્ત ન હોવાની હકીકતોએ તેઓ વિરૂધ્ધ બાળ અદાલતમાં રીપોર્ટ કરવામાં આવેલ હતો. આ કામના તહોમતદારો વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૨૬ મુજબના ગુનાના આક્ષેપો ટકવા પાત્ર નથી. આ કામના તહોમતદાર તરફેની રજૂઆત એક દ્રષ્ટિએ યોગ્ય જણાઇ આવે તેવું લાગે. આ કામના તહોમતદારોએ આ કામના ફરીયાદી અને સાહેદને જે ઈજા કરેલ છે તે ઈજાનો પ્રકાર ધ્યાને લેવામાં આવે તો ગંભીર પ્રકારની ઈજા કરેલ હોવાની હકીકતો નથી. પરંતુ આ કામની અન્ય હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામના તહોમતદારો તેજશના માતા – પિતા છે. આ કામના તહોમતદારો આ સમયે ફરીયાદી અને તેઓના પરિવારજનોને ગાળો આપતા હોવાનું ફરીયાદી અને સાહેદો સોગંદ પરના પુરાવામાં જણાવી રહેલ છે. આ કામના તહોમતદારો પોતે પણ ગુનાના કામે ઉશ્કેરણી કરવામાં સામેલ હતા. એક માતા – પિતા તરીકે આ કામના તહોમતદારોની એવી ફરજ બનતી હતી કે તેઓએ પોતાના પુત્રને ઝઘડો કરતા અટકાવવા જોઇએ. પરંતુ તહોમતદારોએ આવું કરેલ નથી. તહોમતદારો પોતે પણ ઉશ્કેરાયેલ હોવાના કારણોસર તહોમતદારોના આવા વર્તનના કારણોસર આ બનાવ સમયે તેઓનો પુત્ર તેજશ ધારીયુ લઇ આવેલ. તેજશ જે સમયે ધારીયુ લઇને આવેલ તે સમયે પણ આ કામના

તહોમતદારોએ પોતાના પુત્રને અટકાવવાની ફરજ બનતી હતી. તહોમતદારોએ તેજશ પાસેથી ધારીયુ છીનવી લેવાની પણ ફરજ બનતી હતી. પરંતુ તહોમતદારોએ પોતાના પુત્રને અટકાવવાનું કે ધારીયુ છીનવી લેવાનું યોગ્ય કે વ્યાજબી માનેલ નથી. જેના પરિણામ સ્વરૂપે આ કામના ફરીયાદી તથા સાહેદ ચંદ્રેશભાઈને તેજશે ધારીયા વડે ઈજા કરેલ છે. આ બનાવ સમયે તેજશભાઇ આંક – પર ના રીપોર્ટ મુજબ સોળ વર્ષ અને અગીયાર માસના હતા. તેઓને સારા – નરસાની ખબર ન હોય અથવા ધારીયુ મારવાથી કોઇનું મરણ થઇ શકે તેવું કદાચ પોતે સમજતા ન હોય તેવું એક વખતને માટે માની લેવામાં આવે તો પણ આ કામના તહોમતદારો કે જેઓ તેના માતા – પિતા છે. પુખ્ત ઉંમરના છે. સારૂ નરસુ સમજી શકે છે. ધારીયુ મારવાથી કોઇનું મરણ થઇ શકે તેવી સમજણ ધરાવે છે. છતા તેઓએ તેમના પુત્ર પાસેથી હથીયાર લઇ લેવાનું કે પોતાના પુત્રને અટકાવવાનું વ્યાજબી માનેલ નથી. જે તેઓનો કાર્યલોપ ધ્યાને લેતા તેમજ પોતે પણ ઉશ્કેરાઇને ફરીયાદી અને સાહેદ પર હુમલો કરેલ હતો તે તેઓની ઉશ્કેરણીનું કૃત્ય ધ્યાને લેતા આ તહોમતદારો તેજશે કરેલ કૃત્ય માટે પણ ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૧૪ મુજબ જવાબદાર બનતા હોવાનું માનવાને કારણ જણાઇ આવે છે. જે હકીકતોએ આ કામના તહોમતદારોએ પોતે ધારીયા વડે મારેલ ન હોવા છતા તેઓને આ ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેવી સ્થિતી ભારતીય દંડ સંહીતાની કલમ – ૧૧૪ ની જોગવાઇઓ ધ્યાને લેતા જણાઇ આવે છે. તેમ છતા આ કામના તહોમતદારોની દીવાની જવાબદારી અને ફોજદારી જવાબદારી અલગ – અલગ હોવાનું ગણવામાં આવે તેમજ આ ગુનાના કામે તહોમતદારોએ નિભાવેલ રોલ ધ્યાને લેવામાં આવે તો પણ આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહીતાની કલમ – ૩૨૩ તથા ૨૯૪(ખ) સાથે વાંચતા ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટની કલમ – ૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોવાનું સાબિત માની શકાય તેવી હકીકતો ફલિત થઇ રહેલ છે. આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાલતી હાલની કાર્યવાહી કાયદાની જોગવાઇઓ મુજબ વોરંટ ટ્રાયલ તરીકે ચાલી રહેલ છે. આ હકીકતોએ આ કામના આરોપીઓને સજા માટે સાંભળવા જરૂરી બની રહે છે.

ઉપરોકત રેકર્ડ પરની હકીકતો તથા કારણો તથા સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ મુદા નં – ૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદા નં – ૨ ના કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> :: –**

૧. આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. – ૭૪ /૨૦૧૬ ના કામે આરોપી નં – ૧) દિનાબેન વા/ઓ જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુભાઇ મેસરીયા, ઉ. વ. – ૩૫, તથા આરોપી નં – ૨) જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુભાઇ સ/ઓ છનાભાઇ મહેરીયા, ઉ. વ. – ૪૨, બંને રહે. – ઘર નં. – ૮૨,

જોગેશ્વરીનગરની ચાલી, આશિષનગરની પાછળ, મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૬ તથા ૩૨૪ મુજબના ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. – ૭૪ /૨૦૧૬ ના કામે આરોપી નં – ૧) દિનાબેન વા/ઓ જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ મેસરીયા, ઉ. વ. – ૩૫, તથા આરોપી નં – ૨) જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ સ/ઓ છનાભાઈ મહેરીયા, ઉ. વ. – ૪૨, બંને રહે. – ઘર નં. – ૮૨, જોગેશ્વરીનગરની ચાલી, આશિષનગરની પાછળ, મેઘાણીનગર, અમદાવાદવાળાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૨૯૪(ખ) સાથે વાંચતા કલમ – ૧૧૪ તથા ધી ગુજરાત પોલીસ એકટ કલમ – ૧૩૫(૧) મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી સજા માટે સાંભળવા માટે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. – ૧૨ મી, માહે – મે, સને – ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

**અમદાવાદ**
**તા. ૧૨/૫/૨૫**

**(પરેશગીરી નટવરગર ગોસ્વામી)**
**૦૮ મા, એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં – ૨૧, અમદાવાદ શહેર.**
**કોડ નં – જીજે – ૦૧૦૩૭**

#VBVALA#